Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું    વિક્રમ સંવત ૧૯૬૦—કારતક.    અંક ૫ મો.

## પ્રભુસ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

જેના પૂર્ણ પ્રભાવથી જગતની જાણે ત્રિકાલી[1] પ્રભા,
ધારે જ્ઞાન વિશેષથી સ્વમતિમાં સર્વજ્ઞતાની વિભા[2];
અંતર આપ દલે કરામલકવત્ આ વિશ્વની વસ્તુને,
તે પામો જય કેવલી જગતમાં સદ્બોધ આપો મને. ૧

## ગુરૂસ્તુતિ.

જે ધારી યતિધર્મ ધીર બનિને સ્વાધ્યાય રંગે રમે,
જેને શ્રી જિન દેવના ગુણ ભર્યાં સદ્ગીત ગાવા ગમે;

૧ ત્રિકાલ–ભૂત, ભવિષ્ય, વર્તમાનના જ્ઞાનની પ્રભા ૨ કાંતિ. ૩ હાથમાં રહેલા આમલાના ફલની જેમ. ૪ કલંક રહિત. ૫ વિનયથી. ૬ મનુષ્યને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખે નિર્મલ નિષ્કલંકિત સદા જે ચંદ્ર ચારિત્રનો,
તેવા શ્રી ગુરૂ ચરણમાં પ્રણયથી ભાવે નમો સજ્જનો. ૨

# મરકીનું માહાત્મ્ય.

## વસંતતિલકા.

ચાલ્યું જવું ચપલ આ સઘળું ત્યજીને,
રહેવું નથી ક્ષણિક આ ભવને ભજીને;
ખાલી જવું ખલકનો ત્યજીને ખજાનો,
એ, બોધ દે મનુજને મરકી મજાનો. ૧
વ્યાધિ વધે અધિક અંગ ઉપાધિ આધિ,
જે આ જરા જીવનની હરતી સમાધિ;
તે ચેતવે મરણથી મૂષકો[1] વિતાનો,
એ, બોધ દે મનુજને મરકી મજાનો. ૨
ચિંતામણિ મનુજ જન્મ જનો બચાવા,
નાશી છુટો ગૃહથી સત્વર શુદ્ધ થાવા;
એથી હણે પ્રથમ મૂષક એમ માનો,
એ, બોધ દે મનુજને મરકી મજાનો. ૩
સાધો સ્વધર્મ મનથી તનથી ત્વરામાં;
સત્કીર્તિ ઉજ્વલ ધરો ધનથી ધરામાં,
રહેશે પડયા પલકમાં ધનને મકાનો,
એ, બોધ દે મનુજને મરકી મજાનો. ૪
સત્સંગ સેવન કરો હરિને[2] કુસંગો,

૧ મૂષક-ઊંદર. ૨ છોડીને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાવે ભરો હૃદયમાં સુવિચાર રંગો;
એતો ક્ષણું ધર્મ ગુંમાં દર્શશે બિછાનો,
એ, ઔધ દે મનુજને મરકી મઝાનો. ૫

# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

## (કલ્પિત કથાનક.)

( ગયા અંકના પૃષ્ટ ૮૨ થી ચાલુ. )

**યતિધર્મ**—ભદ્ર, તમારૂં કહેવું યથાર્થ છે હજુ આપણે અવિશ્વાસ રાખવાનો નથી. સમગ્ર સંઘના પુણ્યનો પ્રભાવ મોટો છે. અનેક ધાર્મિક નરોના મંડળોથી કોન્ફરન્સનું મહામંડલ ઉદ્ભવ્યું છે. આ ધર્મ સ્વરૂપ મંગલમય મહત્ કાર્યનો મેહેલ ચિરકાલ રહેવો જોઇએ. તેના આધાર ભૂત સ્તંભ જેવા મુંબઇના માનવંત ગૃહસ્થો, દક્ષિણના દક્ષ શ્રાવકો, બંગાલાના ધનબલિષ્ટ બાબુઓ, પંજાબના પ્રતાપી ધાર્મિકો, મારવાડના મહાન્ ઉત્સાહીઓ, કચ્છના ક્રિયા કુશલ જૈનો, ગુજરાતના ગુરૂભક્ત શ્રાવકો અને સોરાષ્ટ્રના શ્રદ્ધાલુ શ્રીમંતો એકનિષ્ઠાથી ઊભા રહેશે. આપણી કોન્ફરન્સને સુભાગ્યે મી. ઢઢાના હૃદય બલને વધારનારા ઉત્તમ અને ઉત્સાહી સેક્રેટરીઓ મેલવ્યા છે. તેઓ અંતઃકરણથી સમજે છે કે, " આ મહાસમાજ રૂપ કલ્પવૃક્ષ જૈન પ્રજાને મનવાંછિત ફલ આપનારૂં છે. શ્રી ફલોધી તીર્થમાં તેનું બીજ વાવ્યું હતું, તે પર જલસિંચન, ક્યારા અને વાડ વિગેરેના રક્ષણની ક્રિયા કરનાર મી. ઢઢા જેવા ઉત્સાહી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતીલો ખેડુત તેણે મેળવ્યો છે. હવે મુંબઇ જેવા વિશાલ ક્ષેત્રમાં તે નવ પલ્લવિત થયું છે. તેને હાલ ઉત્તમ રક્ષણની જરૂર છે. જો પ્રમાદથી તેનું રક્ષણ નહીં થાય તો એ પલ્લવિત કલ્પવૃક્ષ ઉભું ઉભુંજ સુકાઇ જશે. ધાર્મિક અને સંસારિક ઉન્નતિરૂપ તેના મધુર ફલ જૈન પ્રજાને મલશે નહીં."

વલી તેઓ જણેછે કે, ભારતવર્ષની સર્વધર્મની પ્રજાઓમાં "જૈન કોન્ફરન્સ" ના કર્ત્તવ્યનો પ્રતિધ્વનિ પડયો છે. આર્યધર્મમાં જૈન પ્રજા અને જૈન ધર્મ સર્વોત્કૃષ્ટપણે જાહેર થયો છે. પ્રત્યેક સમાચાર પત્રોમાં કોન્ફરન્સના પવિત્ર લેખો પ્રસિદ્ધ થયા છે. અલ્પ સમયમાં સવા લાખ જેટલાં ફંડના અદ્ભુત બનાવે સર્વને આશ્ચર્યમગ્ન કર્યા છે. સર્વ આર્યપ્રજામાં ધર્મકાર્યની ઔદાર્ય ભરેલી સખાવતમાં જૈનપ્રજાએ અગ્ર પદવી લીધી છે. આ વિખ્યાતિ ભરેલી જૈન કોન્ફરન્સની મહત્તા હવે પછી ઓછી થતી જાય અને પ્રતિવર્ષ તેવો ઉત્સાહ ભંગ થતો જાય તો તેના અગ્રેસરોની ધર્મ કીર્ત્તિનો પ્રકાશ ઝાંખોજ થાય, એટલુંજ નહીં પણ સર્વ ભારતવર્ષની ઈતર પ્રજામાં તે હાસ્યાસ્પદ થાય. માટે હજુ આપણે રાહ જોવાની છે. એકદમ તેનો નિર્ણય કરવો યોગ્ય નથી.

શ્રાવકધર્મ—આટલો બધો ગહન વિચાર કરનારા અને જૈનની પ્રતાપી કોન્ફરન્સના સત્કાર્યમાં ઉત્સાહથી ભાગ લેનારા તેના સેક્રેટરીઓ ઉપર સઘળો આધાર છે.

યતિધર્મ—આ મહા સમાજના સેક્રેટરીઓ ઘણાં પ્રતિષ્ઠિત છે, શ્રીમંત, છે અને શ્રાવક વર્ગના શૃંગાર રૂપ છે. તેઓમાં પહેલા સેક્રેટરી શેઠ લાલભાઇ દલપતભાઇ છે. જેઓ શ્રી આણંદજી

For Private And Personal Use Only

કલ્યાણજીની પવિત્ર પેઢીના પ્રેસીડેન્ટ છે અને રાજનગરના પ્રખ્યાત શ્રીમંત છે. બીજા સેક્રેટરી શેઠ પ્રેમચંદ રાયચંદ જે. પી. છે. જેઓ મુંબઇના પ્રખ્યાત માન્ય ગૃહસ્થ છે. ત્રીજા સેક્રેટરી રાય કુમારસિંહજી બદ્રીદાસજી છે. જેઓ આ કોન્ફરન્સના પ્રમુખના ધર્મોત્સાહી પુત્ર છે. તે સાથે બીજા જૈનના પ્રખ્યાત પુરૂષો તન, મન ધનથી આ મહત્ કાર્યમાં જોડાયા છે. તેઓ આ કલ્યાણ મય કોન્ફરન્સની ઉજ્વલ કીર્ત્તિને ઝાંખી થવા કેમ દેશે ?

**શ્રાવકધર્મ**—ભગવન્, આપના મુખથી તે અગ્રેસરોની સ્તુતિ સંભળી હવે મને વિશ્વાસ આવે છે. પ્રતિષ્ઠિત પુરૂષો પોતાની પ્રતિષ્ઠાને જીવિતથી પણ અધિક ગણે છે, તેથી તેઓ કોન્ફરન્સની પ્રતિષ્ઠામાંજ આત્મપ્રતિષ્ઠા માની તેને હૃદયના શિખર ઉપર સ્થાપિત કરશે, એવો મને નિશ્ચય થાય છે.

**યતિધર્મ**—વત્સ, એ વાર્તાનો વિચાર પૂરો કરી હવે આપણે બીજો વિચાર કરીએ. શાસન દેવતાની પૂર્ણ કૃપાથી જો આ કોન્ફરન્સના કાર્યનો પ્રવાહ મહાન્ વેગથી આગલ ચાલે તો તમને કેવા લાભો મળશે. ! તે વિષે કાંઇ વિચાર કર્યો છે ?

**શ્રાવકધર્મ**—કૃપાલુ, આ કોન્ફરન્સમાં પ્રવર્ત્તતા કાર્યોનું મથન કરવાથી મને અભિનવ નવનીત પ્રાપ્ત થવાની આશા છે. મારા આશ્રિત શ્રાવકો જે ધાર્મિક અને સાંસારિક ઉન્નતિથી બે નશીબ છે, તેઓમાં અજ્ઞાનતાએ સજ્જડ વાસ કરેલો છે. હાનિકારક રીવાજોના ઇક્ષુયંત્ર[1]માં તેઓ ઈક્ષુની જેમ ભરડાયછે. જૈનની પવિત્ર છાપને તેઓ કલંકિત કરે છે. અને જે ધર્મની ક્રિયાનું

૧ શેલડી પીલવાનું યંત્ર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ રહસ્ય છે તેને સમજ્યા નથી; તેઓને જાગ્રત કરી તેમને આત્માનું ભાન કરાવવા કોન્ફરન્સ રૂપ ડિંડિમનો મહાધ્વનિ સર્વ રીતે પ્રશંસનીય છે, માનનીય છે અને શ્લાઘ્ય છે.

**યતિધર્મ**—વત્સ, એ તમારી આશા સફલ થાઓ. હવે આ કોન્ફરન્સના કાર્યમાં વિશ્વાસ રાખજો. અને ધૈર્ય રાખી તેના ઉત્તમ પરિણામની રાહ જોઈ આત્માને સંતોષ આપજો.

**શ્રાવકધર્મ**—ભગવન્, વિશ્વાસ અને ધૈર્ય રાખવા જાણું છું, પણ મારી મનોવૃત્તિ ચપલ થયા કરે છે, કારણ કે ઘણાં શ્રાવકોને શ્રદ્ધા, ધર્મનો રાગ, ગુરૂભક્તિ અને વિનય—એ બધા સ્વાર્થના સજ્જડ દોર સાથે બાંધેલા હોય છે. અને તે બંધની ગાંઠ વણિકવિદ્યા સાથે જોડેલી હોય છે. કેટલાએક શ્રીમાન્ સંઘપતિ અને પ્રતિષ્ઠિત ગૃહસ્થો કે જેઓ શ્રાવકોના સમુદાયમાં સન્માન પામે છે અને સમાજની સુધારણાની સર્વોપરિ સત્તા ધરાવે છે; તેવા પણ શ્રેષ્ઠ પુરૂષોના હૃદયની સપાટી ઉપર સ્વાર્થ નૃત્ય કરતો હોય છે. અફશોષ! તેઓમાં શુદ્ધ દ્વાદશ વ્રતને બદલે કપટ વ્રતનું વિશેષ દર્શન જોવામાં આવે છે. દેવ ગુરૂની ભક્તિ ભાવના સાથે છલતાનો પ્રકાશ પૂર્ણ-રીતે રહેલો હોય છે. કીર્ત્તિના મોહક સ્વરૂપમાં મોહ પામી તેવા ગૃહસ્થો પોતાના ખરા કર્ત્તવ્યથી વિમુખ રહે છે. આવા ગૃહસ્થો જ્યાંસુધી સ્વાર્થ, કપટ અને છલતા છોડશે નહીં, ખાલી ગાડરીઆ પ્રવાહની સ્પર્ધા કરશે નહીં ત્યાં સુધી મારી ઉત્તમ આશા સફલ થવામાં મને વિલંબ લાગે છે, અને તેને લીધે વિશ્વાસના ઉત્તમ અંકુરો મારા હૃદય રૂપ કયારામાં ઊગી શકતા નથી. અધીરાઈની ઉષ્ણતાથી તે દગ્ધ થતા જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યતિધર્મ**—વત્સ, શાંત થાઓ, તમારા શંકાશીલ હૃદયમાં ધૈર્ય અને વિશ્વાસને અવકાશ આપો. આ પ્રતાપી કોન્ફરન્સે તેવા પુરૂષોના પૂર્વ હૃદયને બદલાવી દીધા છે. શુદ્ધ કુલના શ્રાવકો કદિ પરંપરાથી પ્રાપ્ત થયેલી વણિક વિદ્યાને લીધે સ્વાર્થ, કપટ અને છલતાના ભોગ થઈ પડે તોપણ તેઓ પોતાના સનાતન ધર્મને ભુલશે નહીં. તેઓ સારી રીતે સમજે છે કે; "આપણે કુલીન શ્રાવક છીએ. પવિત્ર પ્રતિક્રમણની ક્રિયાના નિત્ય ઉપાસક છીએ. ચાર સદ્દહણાની શિક્ષાના સમજનાર છીએ. ત્રણ લિંગના ધારક છીએ. દશ વિનયથી અલંકૃત છીએ. ત્રિશુદ્ધિના આગ્રહી છીએ. પાંચ દૂષણો આપણાથી દૂર છે. જૈનના આઠ પ્રભાવકોનું સ્મરણ અનુકરણ આપણી મનોવૃત્તિમાં સતત કરવાનું છે. પાંચ આભૂષણો આપણા પ્રકાશક છે. પાંચ લક્ષણો અને છ જતનાઓ આપણું સર્વસ્વ છે. છ આગાર, છ ભાવના, છ સ્થાન—એ આપણા શ્રાવક ધર્મનું જીવન છે. આવો દીર્ઘ વિચાર કરનાર કયો શ્રાવક પુત્ર, આ કલ્યાણમયી કોન્ફરન્સ પ્રત્યે સ્વાર્થ, કપટ અને છલતા રાખશે ? આ મહાસમાજની સામે વિરોધ કરવાને કે તેનો ભંગ કરવાને કયો જૈન ગહસ્થ ઉભો થશે ? જો કોઈ તેવો શ્રાવક કદિ હોયતો તે ભ્રષ્ટ શ્રાવક છે, સંઘનો વિરોધી છે સમાજનો શત્રુ છે. અને પોતાના જૈન ઊપ નામને કલંકિત કરનાર છે. શ્રી વીર ધર્મના વીર્યને વગોવનાર તેવા અધમ શ્રાવકને સહસ્રવાર ધિક્કાર છે. ભદ્ર, શાંત થા અને વિશ્વાસ પૂર્વક ધૈર્યને ધારણ કરી રાહ જો.

સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ષટ્દર્શનોનું કમિશન.

(ગયા અંકના પૃષ્ઠ ૮૫ થી ચાલુ.)

શ્રી સચ્ચિદાનંદ મહાત્માની રૂબરૂ બૌદ્ધ દર્શને પોતાની જુબાની આપતાં વિશેષ જણાવ્યું કે, "કોઇ પદાર્થ નિત્ય સ્વભાવી નથી" એ વાત સ્પષ્ટ થતાં પણ વાદીએ બીજો આક્ષેપ કરી ઉલટાવીને પૂર્વ પક્ષ કર્યો.

**પૂર્વપક્ષ**—મૂલ શંકામાં જે કોઇ નિત્ય પદાર્થ ક્રમવડે અર્થ ક્રિયા કરે છે એ વાત અસિદ્ધ ઠરે તો પછી "એકી સાથે અર્થ ક્રિયા કરે છે," એમ કહેવામાં શો બાધ આવશે?

**ઉત્તરપક્ષ**—તો જેટલી અર્થ ક્રિયા એ પદાર્થની થઈ શકે છે, તે બધી પેહેલે ક્ષણેજ સિદ્ધ થવાની. બીજા ક્ષણમાં તેનું કરવાપણું રહેશે નહીં. એટલે પદાર્થને અનિત્યતા પ્રાપ્ત થઈ.

**પૂર્વપક્ષ**—તમારૂં કહેવું મને યુક્ત લાગતું નથી. દરેક પદાર્થોનો એવો સ્વભાવજ છે, કે તે તેની તે ક્રિયાઓ બીજા ત્રીજા વિગેરે ક્ષણોમાં પણ કર્યાં જશે.

**ઉત્તરપક્ષ**—એ વાત તો તદન ઘટતી નથી. કેમકે, જે થયું છે તેને ફરી થવાની જરૂર નથી. બીજા ત્રીજા વર્ગ વિગેરે ક્ષણોમાં જે અર્થ ક્રિયા સિદ્ધ થવાની હોય, તે પેહેલા ક્ષણમાંજ પ્રાપ્ત થઇ જાય છે.

**પૂર્વપક્ષ**—તેમ શી રીતે મનાય?

**ઉત્તરપક્ષ**—પદાર્થનો એવો સ્વભાવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વપક્ષ—અમે તેવો સ્વભાવ માનતા નથી.

ઉત્તરપક્ષ—જો પદાર્થનો એવો સ્વભાવ નહીં માનો તો પદાર્થની અનિત્યતા સિદ્ધ થઈ ચુકી, અને જ્યારે તે વાત સિદ્ધ થઇ તો પછી બધા પદાર્થોને ક્ષણિક કહેવામાં બાધ રહ્યો નહી.

બૌદ્ધદર્શને હર્ષથી જણાવ્યું કે, મહાત્મન્, આ પ્રમાણે પૂર્વ પક્ષ અને ઉત્તર પક્ષ થતાં તે વાદી થોડીવાર સ્તબ્ધ બની ગયો, અને પરાભવની કોટીમાં આવી પડયો. તે વખતે હું હર્ષ ગર્જના કરી બોલી ઉઠયો—મારા દુરાગ્રહી મિત્ર, હવે દુરાગ્રહને દૂર કરો. ક્રમે કરીને કે એકી સાથે—ઉભય રીતિએ પણ અર્થ ક્રિયા કરવાની સત્તા પદાર્થમાં સિદ્ધ થતી નથી એટલે પ્રત્યેક પદાર્થ પોતાના કારણમાંથી નિત્ય સ્વભાવવાલા પેદા થાય છે એ તમારો પક્ષ તદન ખોટો ઠરે છે. માટે સર્વ પદાર્થ અનિત્ય સ્વભાવી છે—ક્ષણિક છે એ મારા શુદ્ધ સિદ્ધાંતનો સ્વીકાર કરો અને બૌદ્ધ દર્શનની પવિત્ર દીક્ષા ગ્રહણ કરી આત્માને કૃતાર્થ કરો.

આ સાંભળી હૃદયમાં ખિન્ન થયેલા તે વિદ્વાન્ વાદીએ પોતાની બુદ્ધિના બળથી બીજો તર્ક ઉઠાવી આ પ્રમાણે પૂર્વ પક્ષ કર્યો.

પૂર્વપક્ષ—કદિ તમે પદાર્થની અનિત્યતા સિદ્ધ કરવાને ફાવી ગયા તેથી શું થયું! પણ તે સાથે પદાર્થોને ક્ષણિક માનવાનું કહોછો તે તો કદિ સિદ્ધ થવાનું નથી.

ઉત્તરપક્ષ—તેમાં શો બાધ આવે તે જણાવવા કૃપા કરશો.

પૂર્વપક્ષ—તમે કહોછો કે, દરેક પદાર્થ ક્ષણિક છે એટલે ક્ષણે ક્ષણે નાશ પામનારા છે; તેમાં તો મોટો બાધ આવશે જેમ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક માટીનો ઘડો છે, તેને વિનાશ કરવો હોય તો જ્યારે મુદ્ગર વિગેરે સામગ્રીનો સંબંધ થાય, તેજ ક્ષણે તેનો વિનાશ થાય છે, પરંતુ કાંઇ પ્રતિક્ષણે વિનાશ થતો જોવામાં આવતો નથી, એટલે એ સિદ્ધ થયું કે, જે પદાર્થો વિનાશના કારણ રૂપ સામગ્રીની અપેક્ષા રાખે, તેવા અનિત્ય પદાર્થોને ક્ષણિકત્વ કહી શકાય નહિ.

**ઊત્તરપક્ષ**—જેણે ગુરૂની સેવા યથાર્થ કરી જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તે આવી શંકા કરે નહીં તથાપિ તેનું સમાધાન કરવાને હું સમર્થ છું. આ શંકામાં તમને એટલુજ પુછવાનું છે કે, ઘડાને વિનાશ કરનારી મુદગર વિગેરેની સામગ્રી પ્રાપ્ત થતાં પણ અંત્યક્ષણે (છેવટે) ઘડાનો નાશ થવાનો જે સ્વભાવ છે તે સ્વભાવ ઘડો ઉત્પન્ન થયો તે વખતે તેનામાં હતો કે નહીં ?

**પૂર્વ પક્ષ**—હતો અથવા ન હતો—એ ઊભયપક્ષનું સમાધાન શું આપો છો ?

**ઉત્તરપક્ષ**—ઘડો ઉત્પન્ન થયો તે વખતે ઘડામાં તેના નાશ થવાનો સ્વભાવ હતો એમ જો કહેશો તો ઉત્પત્તિ સમયથીજ તેનામાં અનિત્યત્વ અથવા ક્ષણિકત્વ આવ્યું અને જો ન હતો એમ કહો તો, જે ઉત્પત્તિ વખતે સ્વભાવથીજ ન હોય તે પછી ક્યાંથી આવે ?

**પૂર્વપક્ષ**—એ પદાર્થનો એવો સ્વભાવ છે કે, જે કેટલોક કાળ સ્થિતિ ભોગવ્યા પછી વિનાશ પામે.

**ઉત્તરપક્ષ**—જો એવો સ્વભાવ માનશો તો પછી ઘડાને મુદ્ગર વિગેરેની સામગ્રી પ્રાપ્ત થતાં પણ તેનો તે સ્વભાવ ટલશે નહીં, અને તે તે કાલથી પણ પાછું તેને સ્થિતિમાં રહેવું જોઇશે. ને એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર વાર થતા મુદગર વિગેરેના હજારો પ્રહારથી પણ ઘટાદિ પદાર્થનો નાશ થશે નહીં, એટલે ઘટાદિ પદાર્થો કલ્પાંત સુધી સ્થાયી રહેવાના, ને એમ થયું ત્યારે જગતના વ્યવહારને લોપ કરવાનું પાપ પણ લાગવાનું, માટે બલાત્કારે પણ પદાર્થોનું ક્ષણિકત્વ સ્વીકાર્યા વિના છુટકો નથી.

અપૂર્ણ

# ચિંતામણી.

## એક ચમત્કારી વાર્ત્તા.

(ગયા અંકના પૃષ્ઠ ૮૫ થી.)

ભાવાર્થ એવો છે " હાથમાંથી સમુદ્રમાં પડી ડુબી ગયેલાં રત્નની જેમ દુર્લભ એવું નિર્મલ મનુષ્યપણું મને આ સંસારમાં પ્રાપ્ત થયું. હે બંધુ, તથાપિ જુવો કેવી મારી મૂઢતા છે! તેવા દુર્લભ મનુષ્યપણાને કામ, ક્રોધ, કુબોધ, મત્સર, દુર્બુદ્ધિ, માયા અને મોહથી મેં વ્યર્થ ગુમાવી દીધું."

મુનિ વિચારવિજયે આ શ્લોકનો ભાવાર્થ સમજી તેની વિચારણા કરી હતે તો તેઓ ચારિત્રના નિર્મલ અલંકારને મલીન થવા નહી દેતે. તેણે વિચારવું જોઇએ કે, હું શ્વેતાંબરી તપાગચ્છનો ચારિત્રધારી મુનિ છું, મારા ઉપદેશક પરોપકારી ગુરૂ કોણ છે? હું એક અધમ નિંદક કુલમાંથી કેવી સ્થિતિમાં આવ્યો છું! મારો મુનિધર્મ સર્વોત્તમ છે. ધર્મના પ્રભાવક મુનિઓ કેવા જોઈએ. કનક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કાંતા એ બેમાંથી અંતઃકરણને દૂર કરી મુનિએ તેને તત્વમાં સ્થાપવું જોઇએ કાંતા એટલે સ્ત્રી અને તે પરથી સમગ્ર સચેતન પ્રાણીઓ પરનો રાગ શિથિલ કરવો જોઇએ. અને કનક એટલે સુવર્ણ તે પરથી સમગ્ર જડ પદાર્થ પ્રત્યેનો રાગ ત્યજવો જોઇએ. સમગ્ર જડ ચેતન પદાર્થ દ્વારા મલતા વિષય સુખને વિષે અસ્પૃહા ધારણ કરવી એજ મુનિનું મનોબલ છે. જેમણે આત્મરૂપનો અનુભવ કીધો ન હોય, જે શુદ્ધ તત્વ વાસનાને ઉપજાવવા અસમર્થ હોય, વિષયોના વિષમય સંબંધથી ફસાઈ જતા હોય, સામાન્ય મોહક પ્રસંગોથી ભોળવાઈ જતા હોય, સાધારણ ક્ષુદ્ર કારણોથી ભયને વશ થતા હોય, રાગને લીધે પૂર્વ વ્યવહારના નિર્માલ્ય પ્રસંગોથી હૃદયના હર્ષ શોકમય ભાવને અનુભવતા હોય એવા મુનિઓ માત્ર વેષધારી છે. તે સાધ્વાભાસ સાધુઓનો સંગ સામાન્ય અધિકારી શ્રાવકોને લાભ જનક નથી.

ચિંતામણીએ ખેદ સહિત જણાવ્યું—ધર્મબંધુ, એ મુનિ વિચાર વિજય વિષે ઘણું કહેવાનું છે પણ તે પ્રસંગે જણાવીશ. અત્યારે તો આ મારી વર્તમાન સ્થિતિ જણાવું છું. એક વખતે એવું બન્યું કે, પરમ પવિત્ર મુનિરાજ શ્રી વિમલ વિજયજી પ્રાતઃકાલે વ્યાખ્યાન આપતા હતા. વલ્લભીપુરના શ્રાવકોની પર્ષદા મોટી સંખ્યામાં હાજર થઇ હતી, વ્યાખ્યાન શાળા શ્રોતાઓથી ભરપૂર હતી. ચતુર્વિધ સંઘનો સમુદાય શાંત થઈ બેઠો હતો. ગુરૂના મુખચંદ્રમાંથી વચનામૃતનો પ્રવાહ ઝરતો હતો. અને તેને શ્રોતાઓ શ્રવણાંજલિથી પાન કરતા હતા. આ પ્રસંગે મારા પિતાની સાથે હું પણ ત્યાં ગયો હતો. પ્રતિદિન વ્યાખ્યાનના શ્રવણથી મારી મનોવૃત્તિ નિર્મલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ હતી; હૃદયની દિવાલ ઉપર વૈરાગ્ય વાસનાના ચમત્કારી ચિત્રો ચિતરાતા હતા. અંતઃકરણની દિવ્યતાનો તેજસ્વી વેગ વર્તતો હતો. પુણ્યાંશની વૃદ્ધિ થવા માંડી હતી. જડ, દુઃખરૂપ, વિનાશી–અનિત્ય વિષયોમાં મગ્ન થયેલું મન મુક્ત થવાના માર્ગ શોધતુ હતું.

આ પ્રસંગે મુનિરાજના વ્યાખ્યાનમાં વૈરાગ્યનો પ્રસંગ પ્રવર્ત્તમાન થયો. તે મહાશયે શાંત મુદ્રાથી જણાવ્યું કે, હેભવિ પ્રાણિઓ, આ સંસારની અસારતામાં મોહ પામશો નહીં. એ સંસારનો મહાસાગર ક્ષણમાં તમારા માનવભવને વ્યર્થ કરી દેશે. તેની ઊછલતી વિષય રૂપ ઉર્મિઓ તમને પાપ રૂપ પાતાલમાં ઝબોલી દેશે. મોહની મા દક મદિરા તમારા આત્મ સ્વરૂપનું ભાન ભુલાવી દેશે. માયા રૂપ મહાસરિતા તમને વિ સાગર તરફ તાણી જશે, માટે રખે તમે પ્રમાદને ધારણ કરતા. તમારા ચંચલ ચિત્તને આ પ્રમાણે સમજાવજો—અરે ચંચલ ચિત્ત! તું કોઈ પણ પુદ્ગલિક પદાર્થ તરફ દોરવાઈસ નહીં. જેને માટે તું મહાસાગરને ઊલ્લંઘન કરે છે, ભયંકર જંગલમાં ભટકે છે, સુહૃદ્ તથા મિત્ર જનને ઠગે છે, આત્મજનને છોડી દે છે, વિશ્વાસનો ઘાત કરે છે, પ્રતિજ્ઞાના પવિત્ર વચનો તોડે છે, અને છેવટે નિરપરાધીની હિંસા કરવા પણ તૈયાર થાય છે તેવા દ્રવ્ય ઉપર સ્થિર બુદ્ધિ રાખીશ નહીં.

વળી આત્માને કહે જો કે, "અરે જીવ, આ નિર્દોષ રત્ન જેવો માનવ જન્મ, ઊત્તમ કુલ અને આરોગ્ય તને પુણ્ય યોગે પ્રાપ્ત થયેલ છે. જો હવે પ્રમાદને વશ થઇ તારા કલ્યાણ માટે યત્ન કરીશ નહીં તો આ દુઃખથી ~~વિષમ એવા~~ સંસાર ચક્રમાં તારે ભમવું પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરો; અરે નિર્ભાગ્ય ! તિરસ્કારનું પાત્ર ક્રોધ, અભિમાન, માયા અને લોભ—એ કષાયના કષ્ટદાયક યોગમાં જો તું સપડી જઇશ તો આ માનવ રૂપ કલ્પવૃક્ષનું મહાફળ ગુમાવી બેશીસ. આ સંસાર રૂપ ઘોર જંગલ કે જેમાં અજ્ઞાન રૂપ પહાડો છે, ધન ધામ રૂપ ખીણો છે, માયા રૂપ ઝાડી છે, અને નિંદા રૂપ નદીઓના નેરા છે તેમાં મોહરૂપ વાઘ—વરૂથી ભયાતુર થઇ ભટકતા તારા મનરૂપ મૃગલાને શાંતિ આપજે. અરે આત્મબંધુ જીવ, તું એકવાર રામના જેવું વીર વ્રત ગ્રહણ કર જે, ગુરૂની વાણીથી દુર્મતિરૂપ અયોધ્યાની ભૂમિને છોડી દઇ શીલરૂપ મહા શૈલમાં નિવાસ કરી, ક્રોધરૂપી સમુદ્રને બાંધીલઇ કુટિલતારૂપ લંકાને સર કરી, અને મોહરૂપ રાવણને રોળી મુક્તિરૂપ સીતાને સંપાદન કરજે. ભવિક જીવો, આ પ્રમાણે વૈરાગ્યભાવના ભાવવાથી માનવ ભવને કૃતાર્થ કરશો. વૈરાગ્યની પવિત્ર વાસના દ્રઢ થવાથી તમારી નિર્મલ મનોવૃત્તિમાં સદવિચારોની શ્રેણી પ્રગટ થશે. તેથી સદબોધનું સુંદર નાવ તમને પ્રાપ્ત થશે. એ સદબોધરૂપ નાવ ચારિત્રરૂપ પવિત્ર કાષ્ટોથી રચેલું છે, શીલરૂપ સુંદર ધ્વજાઓથી અલંકૃત છે. ગુરૂની આજ્ઞારૂપ મોટા દોરના દઢ બંધથી બાંધેલું છે. એ સદબોધરૂપ નાવમાં બેઠેલો મનુષ્ય મોહરૂપ મગરોથી ભયંકર એવા આ સંસાર સાગરને તરી જાયછે, તથાપિ જલ માર્ગની અંદર મૃગાક્ષીઓના સ્તનરૂપ મોટા વમલ કે પહાડ આવે તેનાથી એ સદબોધરૂપ નાવને બચાવવાને તત્પર રહેવું, નહીંતો એ સંસાર તારક મહાનાવ ક્ષણમાં છિન્ન ભિન્ન થઈ જશે.

અપૂર્ણ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા

એક વખતે પ્રતિક્રમણ થઇ રહ્યા પછી સૂરિશ્રીના શિષ્યો પરસ્પર વિચાર કરવા લાગ્યા કે, આપણે આજ કયા વિષય ઉપર પ્રશ્ન કરીશું ? તેઓમાંથી એક વિદ્વાન્ શિષ્યે જણાવ્યું કે, આજે ત્રણ પ્રશ્ન કરવાના છે. "મનુષ્યોને ગ્રહણ કરવા લાયક શું છે ?" "સર્વ રીતે ત્યાગ કરવા યોગ્ય શું છે ?" "ગુરૂ કોણ કહેવાય ?" આ ત્રણ પ્રશ્નો ઘણાં મનન કરવા યોગ્ય છે. આ જગ. ત્યાજ્ય અને ઉપાદેય વસ્તુઓ ઘણી છે. જે ગ્રહણ કરવાથી નિષ્કપટતા, દાંભિકતાનો અભાવ, જ્યાં ત્યાંથી આવતા જ્ઞાનના સંસ્કારોને સ્વીકાર કરવાપણું, વૃદ્ધ અથવા સ્થવિરોના ઉપદેશ પ્રતિ વિશ્વાસ વૃત્તિ અને અખંડ પ્રસન્નતા ઈત્યાદિ પવિત્ર ધર્મો અંતઃકરણમાં સ્ફુટ રીતે સ્ફુર્યા કરે તે વસ્તુ ખરેખારી ગ્રાહ્ય છે—ઉપાદેય છે. જેના પ્રસંગથી સર્વ વિષયોની આસક્તિ પુષ્ટ થાય, રસનેંદ્રિયને લોલુપ કરનાર નાના વિધ ભોજન—ભોગમાં આસક્ત થવાય તથા તે દ્વારા આર્ત્તધ્યાનના હેતુ રૂપ રોગના પાત્ર થવાય, પવિત્ર મહા મુનિઓના બોધિ બીજરૂપ વચનો તરફ અનાદર થાય, આહારને લીધે અનુચિત આનંદ તથા હાસ્ય સહિત સંભાષણ વિગેરે સામાન્ય કુટેવની ક્રિયામાં વૃત્તિ રચિપચી રહે અને નિવૃત્તિના સમયે પણ મનની ચંચલ વૃત્તિ વિષયો માટે વલખા મારતા શીખે તે વસ્તુ ખરેખર ત્યાજ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બંને ( હેય ઉપાદેય ) વસ્તુને પૃથક્ કરી સમજાવના: કર્તવ્યથી ભ્રષ્ટ થતા મનુષ્યોને ઉદ્ધારનાર, સર્વાત્મભાવને દ કરાવનાર, અંતઃકરણની દિવ્યતાને સાધનાર, વચનામૃતના વર્ષ ણથી શ્રોતાના હૃદયમાં શાંતિની ધારા ચલાવનાર અને અંતઃકરણને વશ વર્તાવી સ્વરૂપમાં વા તત્વમાં વાલનાર એવા ગુરૂને ઓલખવા જોઈએ. આ ત્રણ વિષયો ઉપર આપણે આ ત્રણ પ્રશ્ન કરીએ. આવું વિચારી, શિષ્યોએ પ્રશ્ન કર્યો. "भगवन किमुपादेयं" હે ભગવન્, આ જગતમાં ગ્રહણ કરવા યોગ્ય શું છે? સૂરિશ્રીએ તત્કાલ ઉત્તર આપ્યો. "गुरु वचनं" "ગુરૂનું વચન" આ ઉત્તર સાંભળતાંજ શિષ્યો સાતંદાશ્ચર્ય પામી ગયા અને તત્કાલ બીજો પ્રશ્ન કર્યો. "हेयमपिचकिं" ત્યાગ કરવા યોગ્ય પણ શું છે? ગુરૂએ ઉત્તર આપ્યો, "अकार्यं" "જે કરવા યોગ્ય ન હોય તે." શિષ્યોએ વિચાર્યું કે, આ ગ્રાહ્ય અને ત્યાજ્ય એ બંને વસ્તુને સમજાવનાર ગુરૂ જાણવા જોઇએ. એવું વિચારી ત્રીજો પ્રશ્ન કર્યો "कोगुरुः" "ગુરૂ કોને કહેવા" સૂરિશ્રીએ સત્વર પ્રત્યુત્તર આપ્યો "अधिगततत्वः सत्वहिताभ्युद्यतः सततं" "જેણે તત્વ જાણ્યાં હોય અને જે હંમેશા પ્રાણી માત્રના હિતમાં તત્પર હોય તે ગુરૂ કહેવાય." સૂરિશ્રીએ પોતાના આ ત્રણે ઉત્તરોનું વિવેચન કરી જણાવ્યું કે, શિષ્યો, આ જગતમાં સર્વથી પ્રથમ ગ્રહણ કરવા યોગ્ય ગુરૂ વચન છે. એ મારા ઉત્તર વિષે તમે દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરજો. સર્વ ઉપર સમાનદ્રષ્ટિથી જોનાર, નિષ્પક્ષપાતી અને મનોવૃત્તિની મલિનતાથી રહિત એવા ગુરૂનું વચન ગ્રાહ્યજ હોય છે. તેઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતઃકરણમાં રહેલી અભેદ વૃત્તિ નિરંતર ઉત્તમ ભાવના ભાવે છે, આ વૃત્તિ ચારિત્રના નિર્મળ ગુણનો પરિણામ હોવાથી તથા પરમાત્માના પૂર્ણ પ્રતિબિંબને ધારણ કરનાર હોવાથી અત્યંત પ્રકાશમય હોય છે. એવા નિર્દોષ ઉત્તમ ગુરૂનું વચન ગ્રાહ્ય હોય તેમાં શું આશ્ચર્ય ? એ વચન ગૃહસ્થને તેમના યથાર્થ ધર્મનું ભાન કરાવે છે અને સંવેગ ધારીને તેના સર્વોત્તમ સંવેગને ઉજ્વલ કરી તત્વાર્થનો ઉત્તમ બોધ કરે છે.

ત્યાગ કર... યોગ્ય શું? તે પ્રશ્નનો ઉત્તર 'અકાર્ય' એમ જે કહ્યું તે ઉપર સર્વ એક ચિત્તે વિચાર કરજો. અહીં તમને શંકા થશે કે, "આ કાર્ય અને આ અકાર્ય" એ ભેદનો નિર્ણય કરવો અશકય છે, તો તેનું એટલુંજ સમાધાન છે કે, જે કરવાથી ગૃહસ્થ વા ત્યાગી નિંદાનો પાત્ર બની સ્વકર્ત્તવ્યથી વિમુખ થતો જાય, તે 'અકાર્ય' છે, તેમજ સિદ્ધાંતમાં જેની કર્ત્તવ્ય રૂપેપ્રરૂપણા કરી હોય, તેવિરૂદ્ધ પ્રવર્તન કરવું તે પણ 'અકાર્ય' છે. આવા અકાર્યથી ગૃહસ્થ વિષયોના ઈંદ્રિયો સાથેના સંબંધકાલે અપરિમિત વિષયી બની પોતાના સ્વદારસંતોષ વિગેરે ઉત્તમ વ્રતોથી પતિત થઇ જાય છે અને ત્યાગી વિષયાકાર વૃત્તિને વધારવાથી જ્ઞાન, ધ્યાન અને ભાવનાથી ભ્રષ્ઠ થતો જાય છે અને છેવટે ચારિત્રને ચરિતાર્થ કરી શકતો નથી. તેવું અકાર્ય સર્વ પ્રાણીમાત્રે ત્યાગ કરવા યોગ્ય છે.

ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં 'ગુરૂ કેવા જોઈએ ?' એ વિષે તમારે લક્ષ પૂર્વક જોવાનું છે. જ્યાં સુધી તત્વ જ્ઞાન સંપાદન થયું ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય ત્યાં સુધી ગુરૂપણાની પવિત્ર પદવીને લાયક ગણાય નહીં જ્યારે તત્વજ્ઞાન થાય ત્યારે તે હેયોપાદેય, ધર્માધર્મ, કાર્યાકાર્ય, તત્વાતત્વ વિગેરે વસ્તુઓને જાણી શકે છે અને તેથી તે જીજ્ઞાસુને સન્માર્ગે પ્રેરવામાં ઉત્તમ સાધનભૂત થાય છે. માટે મેં ઉત્તર આપ્યો છે કે, " જેણે તત્વ જાણ્યાં હોય તે ગુરૂ કહેવાય. "

કદિ વિદ્વત્તાને લીધે તત્વજ્ઞાન સંપાદન કર્યું હોય પણ તત્વ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે અને ક્યાં કરવો જોઇએ ? એ વિચાર કર્યા વગર ચંદનકાષ્ટના ભારને વહન કરનાર ગર્ધભની જેમ તત્વજ્ઞાનના ભારને કેવલ વહનાર ગુરૂ ચરિતાર્થ નથી. માટે તે સાથે કહ્યું છે કે, "જે હંમેશા પ્રાણીમાત્રના હિતમાં તત્પર હોય તે ગુરૂ કહેવાય". આ ભવાટવીમાં ભ્રમણ કરનારા બીચારા પામર પ્રાણીઓનો શી રીતે ઉદ્ધાર થાય ? તેઓ ગૃહસ્થ ધર્મ તથા ચારિત્ર ધર્મ તે શી રીતે સંપાદન કરે ? ઈત્યાદિ સર્વ પ્રાણીમાત્રના હિતનું ચિંતન જેની મનોવૃત્તિમાં પ્રતિક્ષણે થયા કરે છે. અને તેવું ઇહલોકિક અને પારલૌકિક હિત કરવાને નિરંતર પ્રયત્ન કરે છે અને પોતાના તત્વજ્ઞાનનો ઉપયોગ તેમાંજ કૃતાર્થ કરે છે. એવા કૃપાસાગર ગુરૂ તે ગુરૂ કહેવાય છે. તેજ આ ભવસાગરના તારક થાય છે.

આ પ્રમાણે વિવેચન કરી સૂરિશ્રીના પ્રશ્નોત્તર રૂપે નીચેની ગાથા સંપૂર્ણ કરી શિષ્યોએ પોતાના હૃદય મંદિરમાં પ્રતિમાની જેમ સ્થાપિત કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"भगवन्किमुपादेयं गुरुवचनं हेयमपि च किमकार्यं ।
को गुरुराधिगततत्त्वः सत्त्वहिताभ्युद्यतः सततं ॥ १ ॥

**શિષ્ય**—"હે ભગવન્ જગતમાં ગ્રહણ કરવા યોગ્ય શું છે?

**ગુરૂ**—ગુરૂનું વચન.

**શિષ્ય**—ત્યાગ કરવા યોગ્ય શું છે?

**ગુરૂ**—ન કરવાનું કામ.

**શિષ્ય**—ગુરૂ કોણ?

**ગુરૂ**—તત્વને જાણનાર અને હંમેશા પ્રાણીમાત્રના હિતમાં તત્પર રહેનાર.

---

એક દિવસે પ્રતિક્રમણ ક્રિયા થઇ રહ્યા પછી શિષ્યો પરસ્પર વિચાર કરવા લાગ્યા કે, આજે આપણે ગુરૂ મહારાજને બે પ્રશ્નો પુછવાના છે. પ્રમાદને પરવશ થનારા મનુષ્યો પોતાંનો અમૂલ્ય સમય નિષ્ફલ ગુમાવે છે. તેઓની મોહ–માદક દૃષ્ટિ કાલના પ્રબલ વેગને જોઈ શકતી નથી. આ ચિંતામણિરૂપ માનવ ભવ પ્રાપ્ત કરી તેઓએ સત્વર કરવાનું કયું કાર્ય છે? પોતાનો બધો સમય કયા કાર્યમાં વ્યતીત થાય છે? પરિણામે શું કાર્ય આત્માના નિર્મલ માર્ગને બતાવે છે? ભવ પરંપરા ભોગવી આ અમૂલ્ય માનવ ભવમાં અવતરી તેણે સત્વર કરવાનું કયું કાર્ય છે? ઈત્યાદિ તેઓએ મનન પૂર્વક વિચાર કરવો જોઈએ. માટે આપણે આજે તેવો એક પ્રશ્ન કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ પ્રાણીને સુખ પ્રાપ્ત કરવું ગમે છે. સુખ શબ્દની વ્યાખ્યા જુદી જુદી આપેલી છે. આ લોકનું વ્યવહારિક સુખ કે જે સ્ત્રી તથા વૈભવને લગતું છે, તે ક્ષણિક અને પરિણામે દુઃખરૂપ હોવાથી સુખાભાસ જેવું છે. આપણે જાણીએ છીએ કે, તેવા સુખથી પ્રાણીને કાંઇ પણ લાભ થતો નથી પણ પરંપરાએ કષ્ટની પરાકાષ્ટા ભોગવવી પડે છે માટે આત્માનંદને પ્રાપ્ત કરનારૂં શાશ્વત સુખ મોક્ષથી પ્રાપ્ત થાય છે. મોક્ષરૂપ મહાન્ વૃક્ષ પોતાની શીતલ છાયાના આશ્રિતને ચિદાનંદ સ્વરૂપમાં મગ્ન કરી પરમાનંદ આપે છે. આત્માના સ્વાભાવિક જ્ઞાન ગુણનું મહત્ ગૌરવ તે અવસ્થામાં પ્રાપ્ત થાય છે, માટે આપણે તે મોક્ષરૂપ વૃક્ષનું બીજ શું છે ? તે વિષે બીજો પ્રશ્ન કરીએ. આ બંને પ્રશ્નોના પ્રત્યુત્તર ગુરૂના વદન કમલમાંથી પ્રાપ્ત કરી આપણે કૃતાર્થ થઈએ.

આ પ્રમાણે વિચારી સર્વ શિષ્યોએ સૂરિ મહારાજને અંજલિ જોડી આ પ્રમાણે પ્રથમ પ્રશ્ન કર્યો—"**त्वरितं किं कर्त्तव्यं विदुषा**" "વિદ્વાન માણસને સત્વર કરવા યોગ્ય શું છે ?" સૂરિશ્રીએ તત્કાલ ઊત્તર આપ્યો કે, "**संसारसंततिच्छेदः**" "સંસારની પરંપરાનો ઉચ્છેદ." આ ઉત્તરથી પ્રસન્ન થયેલ શિષ્યોએ હૃદયમાં ધારેલો તત્કાલ બીજો પ્રશ્ન કર્યો—"**किं मोक्षतरोर्बीजं**" "મોક્ષરૂપી વૃક્ષનું બીજ શું ?" ગુરૂએ હૃદયમાં ચિંતવન કરી ઊત્તર આપ્યો કે, "**सम्यग् ज्ञानं क्रियासहितं**" "ક્રિયાએ યુક્ત એવું સમ્યગ્ જ્ઞાન." સૂરિશ્રીએ પોતાના આ બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્નોના ઉત્તર ઉપર વિવેચન કરતાં જણાવ્યું કે, વત્સો, આવા ઊતમ પ્રશ્ન કરવાની તમારી ચાતુરી જોઈ મને પરમાનંદ પ્રાપ્ત થાય છે. તમારા અગાધ બુદ્ધિબલમાં સંવેગનો સુંદર પ્રવાહ સતત્ મોટા વેગથી વહે છે, એમ તમારા ઊતરોત્તર પ્રશ્નો કહી આપે છે. તમારા પ્રશ્નોના ઊત્તર તરફ તમારી નિર્મલ મનોવૃત્તિ દોરવજો અને તે ઊપર મનન કરી એ રત્નમાલાની ગુણભરેલી ગાથા તમારા મધુર કંઠમાં સ્થાપિત કરજો. શિષ્યો, તમે પ્રત્યક્ષ જુવોછો કે, આ સંસાર દુઃખમય છે. જન્મ મરણની જાલમાં ફસાએલા માનવ રૂપ મીન કષ્ટની પરાકાષ્ટા ભોગવે છે. એ જાલની ગુંથણી કર્મની સૂક્ષ્મ પ્રકૃતિઓથી રચાએલી છે. ભવસાગરની ભરતીઓટમાં એ પ્રચંડ જાલ મગ્નોન્મગ્ન થયા કરે છે. એ અનંત મહાસાગરમાં પ્રીતિપૂર્વક પ્રવેશ કરતાં અવશ્ય આપણું અહિત થાય છે. પરમાનંદનો પ્રકાશ કરનાર આત્મતત્વ રૂપ મહારત્ન એ અગાધ સાગરમાં ડુબી ગયેલુંછે. ચારિત્રની અમુલ્ય સહાય લઈ તે રત્નને શોધનાર કોઈજ વિરલા છે. એવા સંસારની સંતતિ—પરંપરાનો વિચ્છેદ કરવો એ સર્વ આત્મહિતેષીનું ત્વરિત કર્ત્તવ્ય છે. અને એ કર્ત્તવ્યનો કરનાર ખરેખરો વિદ્વાન્ છે. માટે કહ્યુંછે કે, વિદ્વાન્‌ને સત્વર કરવાનું કાર્ય આ સંસારની પરંપરાનો વિચ્છેદ છે. અલ્પજ્ઞ આત્મઘાતી મૂર્ખ પૂરૂષને કાંઈ કહેવું યોગ્ય નથી તે એવા કર્ત્તવ્યનોજ અધિકારી નથી માટે મૂલમાં “ **विदुषा** ” એ શબ્દ લીધેલો છે.

શિષ્યો, તમારા બીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, “ મોક્ષ રૂપી વૃક્ષનું બીજ ક્રિયા સાહિત જ્ઞાન છે. ” આ ઊત્તર ઉપર તમારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોવૃત્તિને સંલગ્ન કરજો 'ज्ञान' એ શબ્દ વિષે જેટલું કહીએ તેટલું થોડું છે તે જો सम्यग् હોયતો તે સંપૂર્ણ કલાને પ્રાપ્ત કરે છે. સમ્યગ્ એવા જ્ઞાનની મહત્તા તમારા જાણવામાં છે. સમ્યગ્ જ્ઞાનની મહા શક્તિ જૈન દર્શનના આદ્ય મહાશયોએ પ્રત્યેક ગ્રંથે વર્ણવેલી છે. ટુંકામાં એટલુંજ કહેવાનું કે, એ શકિતના પ્રભાવથી નિર્વિકાર આત્મ સ્વરૂપનું અનુસંધાન થઈ શકે છે. એવું જ્ઞાન ક્રિયા રહિત હોયતો પ્રકાશ રહિત દીપક જેવું છે. મહાવ્રતને ધારણ કરવામાં પણ તે સમયે ઉપદિષ્ટ ક્રિયા કરવાની છે. ક્રિયાનું સર્વસ્વ જ્ઞાન છે. તે બંનેની વચ્ચે પવિત્ર સંબંધ છે. બંનેમાં અચેતન ધર્મ છતાં ઉભયમલીને ચિદાનંદ સ્વરૂપ પ્રાપ્ત કરાવે છે. સત્કર્મની સફ઼લતા એ જ્ઞાન અને ક્રિયાના સંપુટમાં સુશોભિતપણે રહેલી છે. ક્રિયા અને સમ્યગ્ જ્ઞાનના મિશ્રણરૂપી બીજમાંથી મોક્ષરૂપ મહાવૃક્ષ ઉદ્દભવે છે. અને તે શાશ્વત સુખને સંપાદન કરાવે છે. મારા સદ્ગુણી શિષ્યો, એ પ્રશ્નોત્તરની આ ચોથી ગાથા એકત્ર કરી તમારા કંઠમાં ધારણ કરો. તત્કાલ શિષ્યોએ નીચે પ્રમાણે તે ગાથાને ધારી લીધી—

**त्वरितं किं कर्त्तव्यं विदुषा संसारसंततिच्छेदः ।**
**किं मोक्षतरोर्बीजं सम्यग्ज्ञान क्रियासहितम् ॥ ४ ॥**

**ભાવાર્થ.**

**શિષ્ય**—વિદ્વાન્ પુરૂષે સત્વર કરવા યોગ્ય શું ?

**ગુરૂ**—આ સંસારની પરંપરાનો ઊચ્છેદ.

**શિષ્ય**—મોક્ષરૂપી વૃક્ષનું બીજ શું ?

**ગુરૂ**—ક્રિયાએ યુકત એવું સમ્યગ્ જ્ઞાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વૃત્તાંત સંગ્રહ.

## શ્રી માંગરોળમાં જૈન લગ્ન વિધિનો સમારંભ.

લખવાને આનંદ થાય છે કે, મુંબઇના પ્રખ્યાત વ્યાપારી અને માંગરોળના વતની શેઠ **અમરચંદ તલકચંદે** પોતાના પુત્ર **શિવચંદ્રના** લગ્ન જૈન વિધિ પ્રમાણે કરાવ્યા છે. પાંચમા આરાના પ્રભાવથી કેટલાએક તે જ્ઞાતિના આગેવાનો આ સનાતન વિધિની સામે વિપરીત પ્રવૃત્તિ કરવા મથ્યા હતા અને અનેક વિઘ્ન ઉત્પન્ન કરી શેઠ અમરચંદ તલકચંદની દ્રઢ શ્રદ્ધારૂપ સાંકળને તોડવા તત્પર પણ થયા હતા તથાપિ જેના હૃદયમાં જૈન ધર્મની પૂર્ણ શ્રદ્ધા પ્રકાશી રહેલી છે, જે જિન ભગવંતની નિર્મલ વાણીને અંતઃકરણથી માન આપે છે અને જેના શ્રવણમાં આત્માનંદ સ્વરૂપ શ્રી આત્મારામજી મહારાજના વચનામૃતની ધારા કોઈ કોઇ વાર પડેલી છે. એવા શેઠ અમરચંદભાઈના આ સદ્ વિચાર અવિચલ રહ્યા અને આખરે જૈન વિધિના પવિત્ર સંસ્કારથી પોતાના પુત્રને સંસ્કૃત કરી તેઓએ પોતાનું શ્રાવક નામ સાર્થક કર્યું છે. વિઘ્નોત્પાદકોએ શ્રાવક નામને કલંકિત કરી કેવલ પાપ કર્મ ઊપાર્જ્યું છે.

## પન્યાસ પદવી.

જૈનના પ્રાચીન પુરૂષોએ ચારિત્રગુણની સાથે બીજા ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિને લઇ શાસનની મર્યાદા સાચવવાને આચાર્ય, સૂરિ, ગણી, પન્યાસ વિગેરે મહાન્ પદવીઓ મુનિઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે નિર્ધારિત કરેલી છે અને તે પદવી સંપાદન કરવાને અધિકારી થવા યોગવહનાદિ ક્રિયાઓ દર્શાવી છે, જેની અંદર જૈન શાસનના સુધારક એવા ઉત્તમ હેતુઓ અંતર્ગત ઘણાં રહેલા છે. આવી મહાન્ પદવી **મુની નેમવિજયજી** એ માગશર વદ ત્રીજને દીવસે વલ્લભિપુર ( વલા ) માં મોટા મહોત્સવ સાથે સંપાદન કરી જેની ક્રિયા **પન્યાસ ગંભિરવિજયજી** ને હાથે કરવામાં આવી છે. **મુનિ નેમ વિજયજી** સર્વ રીતે આ પદવીના અધિકારી છે. તેઓએ લઘુવયમાંથીજ સારી વિદ્વત્તા સંપાદન કરી છે, તે સાથે તેઓ ઉપદેશ આપવાની સારી શક્તિ ધરાવે છે. અમે આશા રાખીએ છીએ કે, પન્યાસ પદવીના જે હેતુઓ પૂર્વાચાર્યો એ નિર્ણીત કરેલા છે, તે સર્વ હેતુઓ સફલ કરવા, આત્માને જ્ઞાન ગુણથી વિશેષ દીપાવવા અને ચારિત્રના અલંકાર રૂપ શમતાદિ સદ્ગુણો સંપાદન કરવા તત્પર થઈ આ યુવાન મુનિ ભારતવર્ષના સર્વ મુનિસમુદાયમાં આગલ પડી જૈન શાસનને દીપાવશે.

For Private And Personal Use Only